મહત્તમ : ૩૨.૮ ડીગ્રી
લઘુતમ : ૨૬.૫ ડીગ્રી
ભેજ
સવારે ૯૦ ટકા ● સાંજે ૭૪ ટકા
ગાંધીનગર તાપમાન

જીએમઈઆરએસ મેડિકલ કોલેજ અને રોબિનહુડ આર્મી દ્વારા સિવિલ હોસ્પિટલ ગાંધીનગર ખાતે નિઃશુલ્ક મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેના અંતર્ગત મેડિકલ કોલેજના ડોક્ટરો અને રોબિનહુડ આર્મીના કાર્યકર્તાઓએ આ કેમ્પ પૂરું પાડ્યું હતું. આ કેમ્પમાં આશરે ૫૩ લોકો ને નિઃશુલ્ક સારવાર આપવામાં આવી હતી.

બ્રહ્માકુમારી સેક્ટર ૨૭ના અંજના દીદી દ્વારા સમર્પણ પબ્લિક સ્કૂલના બાળકો તેમજ શિક્ષકોને રક્ષાબંધનના આશીર્વાદ આપવામાં આવ્યા હતા.

નવા કોબા ક્લસ્ટરની સુઘડ પ્રાથમિક શાળા ધોરણ ૧ થી પના બાળકો દ્વારા ૭૫ વર્ષ આઝાદીકા અમૃત મહોત્સવ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

સરકારી વાણિજ્ય કોલેજ દ્વારા સે-૧૬માં તિરંગા યાત્રા યોજાઈ

ગાંધીનગર, તા.૮

સરકારી વાણિજ્ય કોલેજ ગાંધીનગરના વિદ્યાર્થીઓએ ગાંધીનગર નાગરિક બેંક સેક્ટર ૧૬થી તમામ વાણિજ્યગૃહો અને બેંકોને આવરી લેતી વિશાળ તિરંગા યાત્રા યોજી હતી. આ વિશાળ તિરંગા યાત્રાનું ગાંધીનગરની તમામ બેંકોના મેનેજરોએ ઉમળકાભેર સ્વાગત કર્યું હતું. આ તિરંગા યાત્રા નું પ્રસ્થાન ગાંધીનગર નાગરિક બેંકના ચેરમેન વિક્રમ પટેલ, પૂર્વ ધારાસભ્ય અશોકભાઈ, પૂર્વ મેયર પ્રવીણભાઈ પટેલ, મેનેજિંગ ડિરેક્ટર વિપુલભાઈ પટેલ, મનુભાઈ પટેલ તેમજ અન્ય બેંકના ડિરેક્ટરો, LIC ગાંધીનગરના મેનેજર પરમાર તેમજ એજન્ટ ઘનશ્યામભાઈ પટેલએ આ તિરંગા યાત્રાને પ્રસ્થાન કરાવ્યું હતું. વિદ્યાર્થીઓ સ્વેચ્છાએ આ તિરંગા યાત્રામાં સ્ટાફ સહિત તિરંગા લઈને જોડાયા હતા. તેઓએ આ તિરંગા યાત્રા દરમિયાન ગાંધીનગરની વિવિધ બેંકો જેમાં, **Gandhinagar Cooperative Bank, Punjab National Bank, DCB, AXIS, Ahmedabad District Bank, UCO, HDFC** તેમજ LICના સ્ટાફ અને મેનેજરને મળીને રાષ્ટ્રભાવનાના પ્રતીક સમા તિરંગા અર્પણ કર્યા હતા. વિદ્યાર્થીઓના રાષ્ટ્રભાવના ના જુસ્સાને પ્રોત્સાહિત કરવા ગાંધીનગર નાગરિક બેંક દ્વારા રિફ્રેશમેન્ટ પૂરું પાડવામાં આવ્યું હતું. આ તિરંગા યાત્રાનું સંચાલન એનએસએસ કો-ઓર્ડીનેટર પ્રોફેસર મનસુખભાઈ રાઠોડ, નિર્મિત રાઠોડ અને સ્ટાફના સભ્યોએ કરેલ હતું.

આચાર્ય ડૉ. એ. એન. સુતરીયાએ આ તિરંગા યાત્રામાં જોડાયેલા વિદ્યાર્થીઓ અને સામેલ થયેલ અન્ય નાગરિકોનો આભાર વ્યક્ત કર્યો હતો.

ઇંડિયન લાયન્સ સ્વર્ણિમ ક્લબ ગાંધીનગર દ્વારા ફ્રેન્ડ શીપ ડેની સિવિલ હોસ્પિટલમાં ઊજવણી કરાઈ

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં માનવ સેવા કરતા ડોક્ટર્સ અને નર્સીંગ સ્ટાફ પેરા મેડિકલ સ્ટાફના સભ્યોને ફ્રેંડ શીપ ડે નિમિતે નાળાછડી બાંધી સન્માન પત્ર આપી સમ્માનિત કરવાનો કાર્યક્રમ ઈંડિયન લાયન્સ સ્વર્ણિમ કલબ ગાંધીનગર દ્વારા યોજાયો હતો. વંદે માતરમ્ રાષ્ટ્ર ગાન અને કલબનું એન્થમ ગીત ગાઈ કાર્યક્રમનો પ્રારંભ થયો હતો.

આ કાર્યક્રમમાં સીવીલના આરએમઓ એમ કે પરમાર ડૉ કલ્પેશભાઈ જસપરા, ડૉ કલ્પેશ પરીખ, ડૉ અનિલ ચૌહાણ, ડૉ ગુલાબચંદ પટેલ ઉપ પ્રમુખ, પાસ્ટ પ્રમુખ રાધેશ્યામ ભાઈ યાદવ, તથા કલબના પ્રમુખ શ્રીમતી વિમલા બેન યાદવ અને કશ્યપ નિમાવત ખાસ ઉપસ્થિત રહયા હતા. આ પ્રસંગે શાબ્દિક સ્વાગત રાધેશ્યામ ભાઈ યાદવ દ્વારા કરવામાં આવ્યું. ઉપ પ્રમુખ ડૉ ગુલાબચંદ પટેલ અધ્યક્ષ મહાત્મા ગાંધી સાહિત્ય સેવા સંસ્થા ગાંધીનગર દ્વારા ફ્રેન્ડ શીપ ડે વિષય પર પ્રવચન આપ્યું હતું. આ કાર્યક્રમનું સંચાલન ભરતભાઈ દેસાઈ કો ઉપપ્રમુખ દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું આયોજન કલ્પેશભાઈ પરમાર દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ઉપપ્રમુખ પૂર્વ સેક્રેટરી મંગળસિંહ સોલંકી સેક્રેટરી પિયુષભાઈ સોલંકી જોઈંટ સેક્રેટરી મહેન્દ્ર ભાઈ ચૌહાણ યોગી રાવલ શ્રીમતી ઉષા બેન ચૌહાણ ડૉ ધૈવત શુકલ કુંપાલ બેન દવે પાસ્ટ પ્રમુખ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં કુલ મળીને ૧૬૦ જેટલા લોકોનું નાડા સળી બાંધી સન્માન પત્ર આપી સમ્માનિત કરવામાં આવ્યા હતા તમામને ગિફ્ટ કલબ દ્વારા આપવામા આવી હતી. અંતમાં કાર્યક્રમની આભારવિધિ ડૉ એમ કે પરમાર (આર એમ ઓ) દ્વારા કરવામાં આવી હતી

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા મેઘરજ તાલુકાના વાંટા ગામની શાળામાં સેવાકાર્ય કરવામાં આવ્યું હતું. નોટબુક, ચોપડા, કંપાસ, બોલપેન, પેન્સિલનું વિતરણ ૧૪૫ બાળકોને કરવામાં આવ્યું હતું. ગયા વર્ષે પ્રત્યેક ધોરણમાં પહેલા નંબરે આવેલા વિદ્યાર્થીનું પણ સન્માન કરવામાં આવ્યું હતું તો ચાર બાળકોને દુરના ચશ્મા આપી ચપ્પલ પણ આપ્યા હતા. શ્રી ગજાનન સેવા સમિતિના કાર્યકર્તા દ્વારા કાર્ય સંપન્ન કરાયું હતું.

જન્મદિને વધામણી

રાકેશ દવે
રેડક્રોસ, ગાંધીનગર
કારોબારી સભ્ય, કલ્ચરલ ફોરમ

ડેલ્વિના
ગૌતમકુમાર અમિન
મો. ૯૭૨૩૨ ૭૫૧૫૧



મહર્ષ એન મોદી
મો. ૮૧૬૦૯ ૬૫૭૪૦



પંશુલ હિતેશ ચૌધરી

સરસ્વતી વિદ્યાલયમાં રક્ષાબંધન નિમિત્તે વિવિધ સ્પર્ધાઓ યોજાઈ

ગાંધીનગર, તા.૮

સેક્ટર ૬/બીમાં સરસ્વતી વિદ્યાલય ખાતે ધોરણ ૧થી ૭માં રક્ષાબંધન નિમિત્તે વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધોરણ ૧અને ૨માં ચિત્ર રંગપૂરણી, ધોરણ ૩ અને ૪માં નિબંધસ્પર્ધા અને રાખી કાર્ડ તેમજ ધોરણ પથી ૭માં રંગોળી પુરવાની રાખડીસ્પર્ધામાં, પારૂલબેન, દિશાબેન, ઈલાબેન, પારુલબા, આશિષભાઈ, દર્શનાબેન, પ્રિયંકાબેન અને મોનીકાબેનનાં માર્ગદર્શન હેઠળ બધા જ વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉત્સાહ સાથે ભાગ લીધો હતો. ભાગ લેનાર વિદ્યાર્થીઓમાં પ્રથમ અને દ્વિતીય નંબરે આવનાર વિદ્યાર્થીઓને ઈનામો આપી તેમનો ઉત્સાહ વધાર્યો હતો.

શાળાના આચાર્ય હિતેન્દ્રસિંહ પરમારે સ્પર્ધામાં ભાગ લેનાર તેમજ વિજેતા થનાર વિદ્યાર્થીઓને ખૂબ અભિનંદન આપ્યા હતા અને ભણવા સાથે ઈત્તર પ્રવૃત્તિઓનું પણ મહત્વ સમજાવ્યું હતું. સમગ્ર કાર્યક્રમ ખૂબ જ સફળ રહ્યો હતો.

અમિયાપુર પ્રાથમિક શાળામાં ઘર ઘર તિરંગા કાર્યક્રમ અંતર્ગત બાળકોએ ભારત માતાની વંદના અને દેશ નેતાઓ વિશે વક્તૃત્વ સ્પર્ધા જેવા કાર્યક્રમોનું આયોજન કર્યું હતું જેમાં બાળકો અને શિક્ષકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

શાંતિનિકેતન શાળામાં નિબંધ અને ચિત્ર સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા.૮

શાંતિનિકેતન પ્રાથમિક અને માધ્યમિક શાળામાં હર ઘર તિરંગા અને કલા ઉત્સવ અંતર્ગત તમામ ધોરણમાં નિબંધ સ્પર્ધા અને ચિત્ર સ્પર્ધા યોજવામાં આવી હતી જેમાં વિદ્યાર્થીઓએ ખુબ ઉત્સાહભેર ભાગ લઈ રાષ્ટ્રપ્રેમ અને ભારતીય ધ્વજ નાં સુદર રંગીન ચિત્રો દોર્યા હતાં અને રાષ્ટ્રધ્વજ અંતર્ગત નિબંધ લખ્યાં હતાં જેમાં બાળકોના નૈતિક મુલ્યો જેવાકે રાષ્ટ્રપ્રેમ, સ્વચ્છતા , દેશસેવા જેવા ગુણો ઉજાગર થયા હતા. આચાર્ય અને શાળાના સંચાલક બીપીનભાઈ રાવલનાં માર્ગદર્શન હેઠળ સમગ્ર કાર્યક્રમ યોજાયો હતો જેમાં શાળાના શિક્ષિકા બહેનો તથા શિક્ષક ભાઈઓ દ્વારા બાળકોને પ્રોત્સાહન પૂરું પાડી માર્ગદર્શન આપી સમગ્ર કાર્યક્રમ પૂર્ણ થયો હતો.

હોટલ સુમન સિટી દ્વારા સ્વ-બચાવ અને સલામતી જાગૃતિનાં વર્કશોપનું આયોજન

ગાંધીનગર, તા.૮

સુમન સિટી સેક્ટર-૧૧ ખાતે "ફ્રેન્ડશીપ ડે" નાં દિવસે ગાંધીનગર ટેકવોન્ડો એસો. સંસ્થા તથા હોટલ સુમન સિટી દ્વારા સ્વ-બચાવ અને સલામતી જાગૃતિનાં વર્કશોપનું નિઃશુલ્ક આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ગાંધીનગરનાં સૌ નગરજનો જોડાયાં હતા. આ સ્વ-બચાવ અને સલામતી જાગૃતિનાં વર્કશોપમાં અલગ-અલગ ટેકનીક્સ જેમકે, અસામાજિક તત્ત્વોમાં ફસાયા હોય તો કેવી રીતે છૂટવું, કયા કયા સાધનોનો ઉપયોગ કરવો તેમજ કંઈ વસ્તુઓનો ઉપયોગ કરી અને પોતાનું રક્ષણ કરવું એ વિશે મહિલાઓ, બાળકો અને દિકરીઓને ગાંધીનગર ટેકવોન્ડો એસોસિએશન સંસ્થાનાં કોચ મયુર પરમાર અને સંસ્થાનાં સેક્રેટરી, પ્રથમ ડિગ્રી બ્લેક બેલ્ટ તથા નેશનલ ચેમ્પિયન મિલાપ ટાટારિઆ દ્વારા ખુબજ સરળ રીતે તમામ ભાઈઓ, બહેનો અને દિકરીઓને પ્રેક્ટિકલી બતાવીને સાથે જાણકારી અને જરૂરી માર્ગદર્શન આપીને તેમને જાગૃત કરી તાલીમ આપવામાં આવી હતી.

વેદ ઈન્ટરનેશનલ સ્કુલમાં મોન્સુન સેલિબ્રેશન યોજાયું

ગાંધીનગર, તા.૮

વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ, સરગાસણ માં મોનસુન સેલિબ્રેશન યોજવામાં આવ્યું હતું. વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ સરગાસણના બાળકો તથા શિક્ષકો મધુર સંગીત, રમતો, કવિતાઓ, નૃત્ય, ચોમાસા આધારિત વિષયોના પોશાક , ફૂડ આઈટમ, ચોમાસામાં જોવા મળતી વસ્તુઓ સાથે તૈયાર થયા હતા. વરસાદ સાથે જોડાયેલી પ્રવૃત્તિઓ અને આનંદથી ભરેલો દિવસ શાળાના બાળકો દ્વારા પસાર કરવામાં આવ્યો હતો. બાળકોએ સાથે સાથે સ્વાદિષ્ટ મકાઈ ખાધી હતી. નાના બાળકોએ હાથની છાપ છત્રીઓ પર પાડી હતી અને રેઈનકોટ અને છત્રી લઈને ડાન્સ કરી ચોમાસાનો અદભુત લ્હાવો લીધો હતો.

લાયન્સ ક્લબ ફેમિના દ્વારા ઈન્ડો પાક બોર્ડર ખાતે ફ્રેંડશીપ ડેની ઉજવણી

ગાંધીનગર, તા.૮

લાયન્સ ક્લબ ગાંધીનગર ફેમિના દ્વારા સૂઈગામ, નડાબેટ અને ઝીરો પોઈન્ટ ઈન્ડો પાક બોર્ડર ખાતે અને ફેલોશિપ માટે પિકનિક અને ફ્રેન્ડશિપ ડેનું આયોજન રવિવારે ફ્રેન્ડ્સ સાથે કરવામાં આવ્યું હતું. આપણા દેશની રક્ષા કરતાં જવાનો ને રાખડી બાંધવાનો અમૂલ્ય લ્હાવો લેવા મળ્યો હતો. પ્રમુખ ડિમ્પલ દેસાઈ સાથે ક્લબના ચંદાબેન, વૈશાલીબેન સહિત ક્લબના ૩૭ મેમ્બર્સની હાજરી રહી હતી.

સે-૨૧ પોલીસ સ્ટેશન ખાતે બ્રહ્માકુમારીઝ દ્વારા રક્ષાકવચ બાંધવામાં આવ્યું

ગાંધીનગર, તા.૮

રાજયોગીની કૈલાશદીદીના માર્ગદર્શનમાં પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિધ્યાલય, સેકટર.૨૮, ગાંધીનગર દ્વારા, 'આઝાદી કે અમૃત મહોત્સવ સે સ્વર્ણિમ ભારત કી ઓર' કાર્યક્રમના ભાગ રૂપે રક્ષાબંધન મહોત્સવ-૨૦૨૨ તળે, સેક્ટર.૨૧, પોલીસ સ્ટેશન ખાતે પોલીસ અધિકારીઓ, જવાનો, ટેક્નિકલ અને વહીવટ તથા સ્ટાફનોદરેકને આત્મ સ્મૃતિનું તિલક લગાવી ઈશ્વરીય શક્તિ અને પ્રભુ વરદાનથી સંપન્ન રક્ષા કવચ બાંધી સૌનું પ્રસાદથી મુખ મીઠું કરવામાં આવ્યું હતું અને જીવનમાં રહેલ બુરાઈઓ છોડવાનું પ્રતિજ્ઞાપત્ર પણ ભરાવવામાં આવ્યું હતું. બ્રહ્માકુમારીઝના આંતર રાષ્ટ્રીય મુખ્યાલય આબુમાં આગામી ૯ થી ૧૩ સપ્ટેમ્બર ૨૦૨૨ દરમ્યાન મનમોહિનીવન સંકુલ, શાંતિવન, આબુ રોડ, રાજસ્થાન ખાતે આયોજિત સિકયુરીટી વિંગના સેમિનારમાં પધારવા ખાસ નિમત્રંણ પણ આપવામાં આવ્યું હતું.

વેપારીઓ ગ્રાહકોને કાગળની થેલી આપે : જ્યોતિ મહિલા મંડળ

સરકાર દ્વારા સિંગલ યુઝ પ્લાસ્ટિકની થેલીનું સદંતર ઉત્પાદન બંધ કરવું જોઈએ

ગાંધીનગર, તા.૮

નગરમાં સિંગલ યુઝ પ્લાસ્ટિક ઉપર પ્રતિબંધ હોવાથી વેપારી વર્ગ ખાસ કરીને શાકભાજી વિક્રેતા બહેનોને પ્લાસ્ટિકની થેલી ન આપતાં બહેનોને પારાવાર હાલાકીનો સામનો કરવો પડે છે. વેપારી અને શાકભાજીવાળા સાથે સંઘર્ષ પણ થાય છે. આ બધી બાબતોને નિવારવા સરકાર દરમ્યાનગીરી કરી કાગળની થેલી ગ્રાહકોને ખરીદી સમયે મળી રહે તેવું સઘન, ત્વરીત આયોજન વિચારવું જોઈએ.

કાગળની થેલીનો વપરાશ વેપારી જગતમાં કરવાથી ગૃહ ઉદ્યોગોને પણ ઉત્તેજન મળશે. પ્રદુષણને પણ નાથી શકાશે અને સંઘર્ષ ટાળી શકાશે. આ સાથે જ મહિલા મંડળના પ્રમુખ ડો.ચેતના બુચ, ઉપપ્રમુખ નીરૂબેન નાયક, હર્ષાબા ધાંધલ દ્વારા બહેનોને પણ ઘરેથી કાપડની નાની-નાની થેલીઓ વિવિધ શાકભાજી માટે લઈ જવા અપીલ કરવામાં આવી છે.

વેપારી સાથે પ્લાસ્ટિકની થેલી માંગવાનો આગ્રહ ટાળવો તેમજ સંઘર્ષ પણ ટાળવો. કાગળની થેલીનો વપરાશ વધુ કરવાથી પ્રકૃતિની નજીક જવાશે. ઈકો ફ્રેન્ડલી વસ્તુના વપરાશથી પર્યાવરણની સમતુલા ખોરવાશે નહીં. પાટનગરમાં કાગળની થેલીનો વપરાશ સમગ્ર રાજય માટે ઉદાહરણીય બની રહેશે. આ બાબતે સરકારમાં તેમજ કમિશનરને પણ પત્ર લખીને રજુઆત કરવામાં આવી છે. સરકાર દ્વારા સિંગલ યુઝ પ્લાસ્ટિકની થેલીનું સદંતર ઉત્પાદન બંધ કરવું જોઈએ.

ચિરવિદાય

● મુક્તિધામ ●

- **સ્વ.કોળી જીગ્નેશભાઈ વર્ધાજી,** ઉ.વ.૨૫, રાંધેજા
- **સ્વ.ઠાકોર ભાવનાબેન જીતાજી,** ઉ.વ.૩૧, બોરીજ
- **સ્વ.રાવલ વસંતીબેન નંદલાલ,** ઉ.વ.૯૫, મહુન્દ્રા
- **સ્વ.મકવાણા આશાબેન અજયસિંહ,** ઉ.વ.૩૪, પીંપલજ
- **સ્વ.અગ્રાવત આકાશ કિરીટકુમાર,** ઉ.વ.૪૧, સેક્ટર-૭
- **સ્વ.ઠાકોર સેજલબેન પ્રવિણજી,** ઉ.વ.૨૧, મહુન્દ્રા
- **સ્વ.પટેલ અંબાબેન ઈશ્વરભાઈ,** ઉ.વ.૭૨, રાયસણ